નં.જીઆઈડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/
સીઆઈઆર/પીઓએલ/૧(૯) ૬૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ગાંધીનગર.
તા.૨૪ – ૦૫ – ૨૦૧૦.

**//પ રિ પ ત્ર//**

વિષયઃ– નિગમની વસાહતોમાં ફાળવવામાં આવતાં મોટા ક્ષેત્રફળવાળા પ્લોટની કિંમતમાં આપવામાં આવતી રાહતને પરત ખેંચવા અને આ રાહત યોજનાનો અંત લાવવા બાબત.

સંદર્ભઃ– નિગમના પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/જમે(વિતરણ)/પોલીસી/૨૫ તા.૨૫–૦૫–૨૦૦૯.

........................................................................................

નિગમની મોટા ક્ષેત્રફળવાળી ઔદ્યોગિક વસાહતોમાં ફાળવણીદરમાં રાહત આપવા માટે તા.૦૨–૦૫–૨૦૦૯ ના રોજ મળેલ નિગમની ૪૪૨મી સભા સમક્ષ એક કાર્યસુચિ ક્રમાંક.૩૬/વિતરણ/૪૪૨ સાદર કરવામાં આવેલ હતી. જેનાં ઉપર ઠરાવ ક્રમાંક.૫૨/વિતરણ/૪૪૨/૨૦૦૯ થી લેવામાં આવેલ નિર્ણય અનુસાર નિગમની ૩૦૦૦ હેક્ટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતી વસાહતોમાં કોઈ ઉધોગકારને ૧૦૦ હેક્ટરથી વધારે જમીનની ફાળવણી થાય તેવા કિસ્સાઓમાં ફાળવણી દરમાં ૨૫% રાહત, તથા તા.૦૧–૦૪–૨૦૦૭ અગાઉ લેટર ઓફ ઈન્ટેન્ટ આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં વધુ ૫% રાહત, અને ફાળવણીદાર જમીનની ૧૦૦% રકમ એકી સાથે નિયત ૩૦ (ત્રીસ) દિવસમાં ભરપાઈ કરે તો વધુ ૫% રાહત આપવાની નીતિ સંદર્ભદર્શિત પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ હતી.

આ રાહત યોજનાનો અંત લાવવા બાબતે નિગમની તા.૦૭–૦૪–૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૮ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક.૯/વિતરણ/૪૪૮ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૫૫/વિતરણ/૪૪૮/૨૦૧૦ મુજબ મોટી વસાહતોમાં ઉધોગકારો ધ્વારા જો મોટા પ્લોટ લેવામાં આવે તો આવા ફાળવણીદારોને પ્રોત્સાહન આપવા ૩૦૦૦ હેકટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતી વસાહતોમાં ૧૦૦ હેકટરથી વધુ પ્લોટના ક્ષેત્રફળની ફાળવણી કરવાની થાય ત્યારે નિગમના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/જમે(વિતરણ)/પોલીસી/૨૫ થી જમીનના દરમાં આપવામાં આવતી રાહતની નીતિ પ્રારંભથી (ab-initio) પરત ખેંચવામાં આવે છે અને બંધ કરવામાં આવે છે.

આથી નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી(વિતરણ)ને પાઠવવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ....

<u>નકલ રવાના.</u>
પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓને જણાવવા સારૂ.

રવાના કર્યુ.
કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)

TO
GENERAL MANAGER (ALT)
પરિપત્ર ફાઈલે